# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-02-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની** વાંચે છે.

---

----------------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PRESIDENT KEVADIYA

ગુજરાતની ચાર દિવસની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે પ્રતિષ્ઠિત સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી અને લોખંડી પુરુષ સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી. સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધા બાદ રાષ્ટ્રપતિએ એકતા નગર ખાતે જંગલ સફારી કરી અને વિવિધ વન્યજીવોને નિહાળ્યા હતા. તેમણે કેવડિયામાં રાજ્યના સૌથી વિશાળ સરદાર સરોવર ડેમની પણ મુલાકાત લીધી. બાદમાં , રાષ્ટ્રપતિએ એકતા નગરમાં એકતા કૌશલ્ય વિકાસ કેન્દ્રની મુલાકાત લીધી અને તાલીમાર્થીઓ સાથે વાતચીત કરી.

આજે સાંજે રાષ્ટ્રપતિ અમદાવાદમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇનના 44મા દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે અને પાસ આઉટ થનારા વિદ્યાર્થીઓને સંબોધિત કરશે. આ દીક્ષાંત સમારોહમાં લગભગ 430 વિદ્યાર્થીઓને વિવિધ ડિઝાઇન શાખાઓમાં પદવી પ્રાપ્ત થશે.

. . . . . . . . . . . . .

# BOARD EXAM-1

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-10 અને 12ની બોર્ડની પરીક્ષાનો આજથી પ્રાંરભ થઈ ગયો છે. ધોરણ 10 અને 12ના કુલ 14 લાખ 30 હજાર વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપી રહ્યા છે. ધોરણ-10નું પ્રથમ ભાષાનું પેપર પૂર્ણ થઈ ગયું છે. પેપર સરળ નીકળતા વિદ્યાર્થીઓ ખુશ થયા હતા. પરીક્ષા શરૂ થતાં પહેલા શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ તણાવમુક્ત થઈ પરીક્ષા આપવા વિદ્યાથીઓને સલાહ આપી હતી.

(બાઇટ: પ્રફુલ પાનશેરીયા, શિક્ષણ રાજ્યમંત્રી)

અરવલ્લી જિલ્લામાં 28 હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા છે. જિલ્લાના ત્રણ ઝોનમાં CCTV કેમેરા દ્વારા પરીક્ષાનું મોનિટરિંગ કરાઇ રહ્યું છે. ધોરણ-10ની પરીક્ષા કુલ 27 કેન્દ્રો પર 17 હજાર 836 જ્યારે ધોરણ-12 સામાન્ય પ્રવાહમાં 14 કેન્દ્રોમાં 8 હજાર 732 અને ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહમાં 1 હજાર 728 વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં પરીક્ષાર્થીઓને એસ.ટી કર્મચારીઓ અને શાળાના આયોજકોએ ફૂલ અને ચોકલેટ આપી શુભકામનાઓ પાઠવી હતી. સુરેન્દ્રનગર જિલ્લામાં 124 પરીક્ષા કેન્દ્ર પર 31 હજાર 587 વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપી રહ્યા છે, દરમિયાન જિલ્લા કલેકટર ડોક્ટર રાજેન્દ્ર પટેલે વિદ્યાર્થીઓને ફૂલ આપી મો મીઠું કરાવી શુભેચ્છા પાઠવી હતી. ભાવનગર જિલ્લા કલેક્ટર આર. કે. મહેતાએ પરીક્ષાર્થીઓને ચોકલેટ આપી શુભેચ્છા પાઠવી હતી....1

# BOARD EXAM-2

મહેસાણા જિલ્લામાં 185 કેન્દ્રો પર 46 હજાર 250 વિધાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે.. આજે પ્રથમ દિવસે શાળાઓમાં વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરીને પ્રવેશ અપાયો હતો. છોટાઉદેપુર જિલ્લામાં સાંસદ જશુ રાઠવા , ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા એ વિધાર્થીઓને તિલક કરી શુભકામનાઓ પાઠવી. રાજકોટ જિલ્લામાં 65 કેન્દ્ર પર 76 હજારથી વધુ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપી રહ્યા છે. સાબરકાંઠાના હિંમતનગર ખાતે જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સિંધ સાંદુએ વિદ્યાર્થીઓને તિલક કરી પરીક્ષાની શુભકામનાઓ પાઠવી હતી.

. . . . . . . . . . . . .

# RTE

તમામને શિક્ષણના અધિકાર RTE ના કાયદાની જોગવાઇ મુજબ ધોરણ- 1માં પ્રવેશ માટે 12 માર્ચ સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકાશે ..નબળા અને વંચિત પરિવારના બાળકો ખાનગી શાળામાં નિઃ શુલ્ક ભણી શકે તે માટે આરટીઇ કાયદા મુજબ પ્રવેશની કામગીરી શરૂ કરવામાં આવી છે. તે માટે જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને ખાનગી શાળામાં પ્રવેશ માટે આવતીકાલથી તારીખ 12મી, માર્ચ સુધી ઓનલાઇન ફોર્મ ભરવાના રહેશે. ઓનલાઇન ફોર્મની ચકાસણી કરીને શાળામાં પ્રવેશની કામગીરી શિક્ષણ વિભાગ હાથ ધરશે.

. . . . . . . . . . . . .

# SURAT FIRE HARSH SANGHVI

સુરતના કાપડ માર્કેટમાં લાગેલી ભીષણ આગને કાબૂમાં લેવાના યુધ્ધના ધોરણે પ્રયાસ થઇ રહ્યાં હોવાનું ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું. તેમણે કહ્યું કે આગને કાબૂમાં લેવા માટે ઔધોગિક કંપનીઓના ફાયર બ્રિગેડની પણ મદદ લેવાઇ રહી છે.. તેમણે ઉમેર્યું હતું કે છેલ્લા થોડા સમયથી આગ કાબૂમાં આવી રહી છે. મુખ્યમંત્રીને પણ આગની ઘટના અંગે માહિતીગાર કરાયાં હોવાનું ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

(બાઇટ- હર્ષ સંઘવી, ગૃહ રાજ્ય મંત્રી)

. . . . . . . . . . . . .

# GRUH QUATIONARY

કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતના ૪૩ હજારથી વધુ લાભાર્થીઓને ૪૯ કરોડ ૫૬ લાખથી વધુની સહાય ચૂકવાઈ હોવાનું સામાજિક ન્યાય અને અધિકારિતા રાજ્ય મંત્રી ભીખુસિંહ પરમારે આજે વિધાનસભા ગૃહમાં જણાવ્યું છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૧ હજાર 300થી વધુ લાભાર્થીઓને ૧૩ કરોડ ૫૧ લાખથી વધુની સહાય અપાઇ હોવાનું પણ વિધાનસભાગૃહમાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં મંત્રીએ જણાવ્યું હતું. કચ્છ જિલ્લાના ૬૫૦ અનુસૂચિત જાતિના લાભાર્થીઓને ૭૮ લાખ કરતા વધુની સહાય અપાઈ હોવાનો પણ તેમણે ગૃહમાં જવાબ આપ્યો હતો.

રાજ્યમાં ગરીબ પરિવારોની દિકરીઓના કલ્યાણ માટે અને આર્થિક રીતે મદદરૂપ થવાના ઉદ્દેશ સાથે "કુંવરબાઈનું મામેરું યોજના" ઘણા સમયથી કાર્યરત છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................